શનિ અમાવસ્યા નિમિત્તે આજે શહેરના શનિ મંદિરમાં દર્શનાર્થે ભાવિકોની ભીડ જામી હતી. સે- ૪ સ્થિત શનિ મંદિર તેમજ હનુમાન મંદિરમાં પણ સવારથી દર્શનાર્થીઓની કતાર જોવા મળી હતી. સે-૪ માં શનિમંદિરે પણ ભાવિકો દુર દુરથી દર્શન માટે આવ્યા હતા.

ઉવારસદ ચોકડી પાસે બાઈક-ટ્રક વચ્ચે અકસ્માતમાં હેડ કોન્સ્ટેબલનું મૃત્યુ

ચાંદખેડાથી નોકરી કરી ગાંધીનગર પરત ફરતા ઉવારસદ પાસે અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા.૪

ચાંદખેડા પોલીસ મથકમાં ફરજ બજાવી ગાંધીનગર ખાતે રાત્રીના સુમારે બાઈક લઈને પરત ફરતા હેડ કોન્સ્ટેબલને ઉવારસદ ચોકડી પાસે ટ્રકે પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. ટ્રકની અડફેટે હેડ કોન્સ્ટેબલ માર્ગ પર પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. મૃતકના દિકરાની ફરીયાદને પગલે અડાલજ પોલીસે ટ્રક ચાલક વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ પી.એન.પઢીયાર ચલાવી રહ્યા છે.

અડાલજ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨ સી પ્લોટ નં. ૧૫૮૦-૨ ખાતે રહેતા રાહુલ જેઠાભાઈ પરમાર ચાંદખેડા ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. ગઈકાલે રાત્રીના સમયે તેઓ ચાંદખેડા પોલીસ મથકથી પોતાની ફરજ પુરી કરીને પોતાની પાસે રહેલું બાઈક નં. જી.જે.૧૮.ઈ.-૧૪૫૭ લઈને ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. તે સમયે રાત્રીના અગીયાર કલાકના અરસામાં ઉવારસદ ચોકડી પાસે અકસ્માત સર્જાયો હતા. બાઈક લઈને ઘરે આવી રહેલા રાહુલભાઈને ઉંઝા તરફથી ટ્રક નં. જી.જે.૨.ઝેડ-૮૧૮૨ના ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારી પાછળથી ટક્કર મારતા રાહુલભાઈ માર્ગ પર પટકાયા હતા. જેને પગલે તેઓને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ તેમનું મૃત્યું નિપજ્યું હતું. અકસ્માતને પગલે અડાલજ પોલીસ મથકના પીએસઆઈ પી.એન.પઢીયાર ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી મૃતકના દિકરાની ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાહુલભાઈ સે-૨ ખાતે માતા, પત્ની, પુત્ર અને પુત્રી સાથે વસવાટ કરતા હતા. ઘરના મોભીનું અચાનક મૃત્યું નિપજતા પરિવાર સાથે આભ તુટી પડ્યું હતું. બનાવની જાણ પરિવારને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પરિવારના સભ્યોના હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીન બની જવા પામ્યું હતું.

દિવસની ગરમી બાદ ઢળતી સાંજે ઠંડા પવનની લહેરકી સાથે બદલાતો મોસમનો મિજાજ

ગરમીનુ પ્રમાણ સતત ત્રીજા દિવસે પણ ઘટ્યુ, પારો ૪૧ ડીગ્રીએ : દિવસે આકરો તાપ યથાવત

છેલ્લા બે દિવસના વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો પણ ધીમે ધીમે નીચે ઉતરી રહ્યો છે. આકરી ગરમીમાં રાહત થતા નગરજનો પણ હળવાશ અનુભવી રહ્યા છે. આમછતા બપોરના સમયે આકરા તાપના લીધે અંગ દઝાડતી ગરમી નગરજનો વેઠી રહ્યા છે. પરંતુ સાંજ ઢળતા જ ઠંડા પવનની લહેરકી વચ્ચે દિવસની ગરમીનો થાક ઉતારવા નગરજનો શહેરમાં ટહેલવા નિકળી પડે છે.

શહેરમાં ચાર દિવસ અગાઉ મોસમની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી પહોંચી જતા ઘરમાંથી બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ. ગત એપ્રિલ મહીનાથી ગરમીનુ જોર વધતા મહત્તમ તાપમાન સતત ૪૦ ડીગ્રીને પાર જ રહ્યુ છે. જો કે ગત મહીનામાં એકવાર જોવા મળેલા વાતાવરણ પલ્ટાના અંતે મહત્તમ તાપમાન ૩૪ થી ૩૬ ડીગ્રી વચ્ચે પણ પહોંચી ગયુ હતુ. પરંતુ બે દિવસના અંતે ગરમીનુ જોર પાછુ વધતા વાતાવરણમાં હીટવેવની



અસર ચાલુ થઇ ગઇ હતી. જયારે ગરમીએ હદ વટાવતા પારો ૪૪.૧ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. જો કે છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણ પલ્ટાની હળવી અસર વચ્ચે ગરમીનુ જોર રોજબરોજ ઘટી રહ્યુ છે. આજે પણ ગરમીનો પારો ૦.૨ ડીગ્રી ઘટીને ૪૧ ડીગ્રી રહ્યો હતો. જયારે રોજ સાંજ ઢળતા જ વાતાવરણમાં અનોખી ઠંડક જોવા મળે છે. સાંજના સમયે ઠંડા પવનની લહેરકી વચ્ચે મોસમનો મિજાજ બદલાઇ જાય છે. જેના લીધે દિવસની ગરમીથી ત્રસ્ત શહેરીજનોને પણ રાહત થાય છે. આજે પણ ગરમીનુ પ્રમાણ ઘટ્યુ હતુ. જો કે બપોરના સમયે આકરો તાપ સહન થઇ શકે તેવો ન હતો. આકરી ગરમીની સિઝન શહેરીજનો માટે કપરી બની છે. ત્યારે હજુ પણ મોસમ પલ્ટાના અંતે ગરમી સહન કરવા શહેરીજનોએ તૈયાર રહેવુ પડશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

રીલાયન્સ ચોકડી પાસે એકટીવા-કાર વચ્ચે થયેલા અકસ્માતમાં સારવાર બાદ એકટીવા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના રીલાયન્સ ચોકડી પાસે ગત તા. ૩૦ એપ્રિલના રોજ રાત્રીના સુમારે અમદાવાદથી લવારપુર તરફ એકટીવા લઈ જઈ રહ્યા હતા. તે દરમિયાન રીલાયન્સ ચોકડી પર એકટીવાને પાછળથી કારે ટક્કર મારતા જગજીવનભાઈ રાવતને શરીર પર નાની મોટી ઈજા પહોંચી હતી. જેથી તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા.જયા સારવાર બાદ ગત તા. ૧ મે ના રોજ બપોરના સુમારે તેઓનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બનાવ અંગે મૃતકની પત્નીની ફરીયાદને પગલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ ઉતરપ્રદેશના વતની અને હાલ લવારપુર ખાતે રહેતા અને માળીનું કામકાજ કરતા જગજીવનભાઈ રામકિશોર રાવત ઉ.વ.-૨૪ ગત્ તા. ૩૦ એપ્રિલના રોજ એકટીવા જી.જે.૧.એફ.એમ.-૨૧૪૪ લઈને પોતાના સંબંધીને મળવા માટે સરખેજ અમદાવાદ ગયા હતા. તેઓ રાત્રીના સમયે રીલાયન્સ ચોકડી પાસે આશરે સવા અગીયાર વાગ્યાના અરસામાં પાછળથી આવી રહેલી કાર નં. જી.જે.૧૧.વાય.૫૫૭૦ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પાછળથી એકટીવાને ટક્કર મારતા માર્ગ પર પટકાતા જગજીવનભાઈને શરીરે ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જીને કાર ચાલક ભાગી છુટ્યો હતો. જેથી તેઓને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. જયા તા. ૧ મે ના રોજ બપોરના સુમારે તેઓનુ સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે મૃતકના પત્નીએ ગાડી ચાલક વિરુદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ઈન્ફોસીટી પોલીસે તપાસ શરુ કરી છે.

સે-૫ સી ખાતે સ્થિત ખોડીયાર મંદિરમાં રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદના ગરબાનો ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

શહેરના ગ-૧ પાસેથી ૧૧ વર્ષિય બાળક ગુમ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના ગ-૧ પાસે થી ૧૧ વર્ષિય બાળક ગુમ થવાની ઘટના સામે આવી છે.

મુળ ઉતરપ્રદેશના અને હાલ પેથાપુર સંજરી પાર્ક ખાતે રહેતા રહીશભાઈ અંસારી ઉં.વ.૩૯ ગ-૧ પાસે દાબેલીની લારી ચલાવી ગુજરાન ચલાવે છે. ગત તા. ૨ મે ના રોજ તેમનો પુત્ર મહોમંદ તેમની સાથે લારી પર આવ્યો હતો. સાંજે પાંચ વાગ્યાના અરસામાં તે બસ સ્ટેન્ડ ખાતે રમતો હતો. ત્યારબાદ લારી પર ગ્રાહકોની ભીડ હતી ત્યારબાદ પિતાએ નજર કરી તો બાળક ગુમ હતું. પિતાએ આસપાસમાં શોધખોળ કરવા છતા બાળક મળી આવ્યું ન હતું. આખરે પિતાએ શનિવારના રોજ સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે. પિતાને મહોમંદને કોઈ લલચાવી ફોસવાલીને લઈ ગયુ હોવાનું લાગી રહ્યું છે. ૩.૮ ફુટની હાઈટ ધરાવતુ બાળક રંગે શ્યામ વર્ણ અને શરીરે પાતળા બાંધાનો છે. જેણે શરીરે લીલા કલરની ટી-શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ પહેર્યું છે. ઉલ્લેખનીય છે કે રહીસભાઈના પરિવારમાં પત્ની અને એક ૧૬ વર્ષની દિકરી છે. રહીશભાઈના બીજા સંતાનમાં દિકરો આવ્યો હતો પરંતુ ૯ માસનો દિકરો થયો ત્યારે જ તેનું અવસાન થયું હતું. જયારે પુત્ર ન હોવાથી પતિ-પત્ની એ પોતાની મરજીથી ૨૦૧૨ માં અમદાવાદ સોલા ભાગવત પાસે આવેલા બાળગૃહમાંથી મહોમંદ અલીને ૪ વર્ષની ઉંમરે દત્તક લીધો હતો.

ડેશ બોર્ડનો વ્યાપ તાલુકા કક્ષા સુધી વિસ્તારી નાનામાં નાના અરજદારની રજૂઆતનું મુખ્યમંત્રી કક્ષાએથી મોનિટરીંગ થશે

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજય સરકારના વિભાગો અને જનહિત સેવાઓ સાથે સંકળાયેલા તમામ વિભાગોના સ્ટ્રોન્ગ ડેટાબેઈઝથી સરકારી તંત્રની કાર્યપધ્ધતિનું એક જ ડેશ બોર્ડ સી.એમ. ડેશ બોર્ડ પરથી સઘન મોનિટરીંગ કરવાની પ્રતિબધ્ધતા દોહરાવી છે.

મુખ્યમંત્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી ગત વર્ષે તા. ૪ થી મે-૨૦૧૮ના શરૂ કરાયેલા સી.એમ. ડેશ બોર્ડની સફળતાનું એક વર્ષ પૂર્ણ થવા અવસરે વિજયભાઈ રૂપાણીએ પ્રચાર માધ્યમો સાથે સંવાદ કર્યો હતો.

મુખયમંત્રીના અગ્ર સચિવ એમ. કે. દાસ પણ આ વેળાએ જોડાયા હતા. તેમણે કહ્યું કે, સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ પ્રવર્તમાન સમયની માંગ છે અને નાનામાં નાના માનવીની રજૂઆતના સત્વરે નિવારણ માટે આવી ટ્રેકિંગ પધ્ધતિ આવશ્યક બની છે. તેમણે સી.એમ. ડેશ બોર્ડનો વ્યાપ વિસ્તારીને તાલુકા સ્તર સુધીના અદના અરજદારની રજૂઆત પણ સીધી મુખ્યમંત્રી કક્ષાએથી મોનિટરીંગ થાય તેવી નેમ વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીએ સી.એમ. ડેશ બોર્ડની પ્રથમ વર્ષની સફળતાની ભુમિકા આપતાં કહ્યું કે રાજય સરકારની પ્રજાલક્ષી સેવાઓમાં ગુણવત્તા વધી છે તથા સુખાકારીના કામો ઝડપથી પૂર્ણ થયા છે. એટલું જ નહિ, પેન્ડન્સી લેવલ નીચું આવ્યું છે. સરકારના અધિકારીઓ જવાબદેહ બન્યા છે.

આ ટેકનોલોજી આધારિત સંપુર્ણ વ્યવસ્થા ઝીરો કોસ્ટીંગથી એટલે કે સરકારના જ વિભાગોએ વિકસાવેલી છે અને ગાંધીનગર બેઠાં જિલ્લા કક્ષાની વિગતો, વિભાગોની કામગીરીની માહિતી મેળવી શકાય છે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ સી.એમ. ડેશ બોર્ડના નવા આધુનિક તકનીકયુકત ૨.૦ વર્ઝનની હવે શરૂઆત થવાની છે તેની છણાવટ કરતાં જણાવ્યું કે અગાઉ ૧૭૦૦ જેટલા ઈન્ડીકેટરના સ્થાને હવે ૩ હજારથી વધુ ઈન્ડીકેટર્સ આ ડેશ બોર્ડના કાર્યક્ષેત્રમાં જોડવાના છીયે.

ગુજરાતની ધરતી પરથી અબોલ જીવોની નિકાસ અટકાવવા માંગ

અબોલ જીવોના કાનુની અધિકારોના થઈ રહેલા ભંગ સામે કાર્યવાહી જરૂરી : અમીયાપુર મેરૂધામ ખાતે જીવદયા પ્રેમીઓએ એકઠાં થઈ રોષ ઠાલવ્યો

૧૯૬૦ ઉપરાંત કેન્દ્ર સરકારના પશુપાલન વિભાગના તથા એડબલ્યુબીઆઈની ગાઈડલાઈનનું કડક પાલન થાય તેવી માંગ વ્યક્ત કરવામાં આવી હતી.

ગાંધીનગર, તા. ૪

અહિંસાનો સંદેશ આપનારા રાષ્ટ્રપિતા મહત્મા ગાંધીજીની ગુજરાતની ધરતી પરથી રોજના હજારો લાખોની સંખ્યામાં જીવતા ઘેટાં-બકરાની અખાતી દેશોમાં નિકાસ થઈ રહી છે. જેમાં અબોલ જીવોના કાનુની અધિકારોનું પણ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આજે ગાંધીનગર-અમદાવાદ હાઈવે પરના અમીયાપુર ગામ સ્થિત મેરૂધામ ખાતે જીવદયાપ્રેમી સંગઠનોની મહિલા પ્રતિનિધિઓએ એકઠાં થઈ વિરોધ પ્રગટ કર્યો હતો અને ગુજરાતની ભૂમિ પરથી જીવંત પશુઓની તથા માંસની નિકાસ પર પ્રતિબંધ મુકવા માંગ કરી હતી.

ગુજરાતની ધરતી પરથી જીવંત પશુઓની તથા માંસની નિકાસને કારણે ગુજરાતીઓનું માથુ શરમથી ઝુકી જવા પામી રહ્યું છે તેવું જણાવતા જીવદયા કાર્યકર જૈનીબેને જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપતા કહ્યું છે કે પશુઓની નિકાસ અંગે જરૂરી તમામ કાયદાઓનું સંપૂર્ણ પાલન થવું જોઈએ.

આ પ્રસંગે અન્ય એક કાર્યકર હેતાબેને જણાવ્યું હતું કે ઘેટાં-બકરા જેવા અબોલ અને નિર્દોષ જીવોને પરિવહન દરમ્યાન પુરતી જગ્યા, વેટરનરી ડોક્ટર દ્વારા સ્વાસ્થ્ય ચકાસણી, રસીકરણ વગેરેના પાલનમાં છડેચોક ભંગ થઈ રહ્યો છે. જેનો કાયદાના રક્ષકોએ પાલન કરાવવું જોઈએ.

આ સાથે કાર્યક્રમમાં સેન્ટ્રલ મોટર વ્હીકલ એક્ટ ૧૯૭૮ અને પ્રિવેન્સન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ-

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ